R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 43 DATE: 22-10-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ૧૦૦થી વધુ મુસ્લીમ વિદ્વાનોએ ટ્રીપલ તલાકનો વિરોધ કર્યો

દેશમાં ટ્રીપલ તલાકના મુદ્દે ચાલી રહેલી ચર્ચા વચ્ચે મુસ્લીમ સમુદાયના સામાન્ય નાગરિકો, કલાકારો,બુધ્ધીજીવીઓ, લેખક, કવિઓ વગેરેએ નિવેદન બહાર પાડતાં ટ્રીપલ તલાક પ્રથા દુર કરવાની માંગણી કરી છે.તેમણે નિવેદનમાં કહયું છે કે ભારતીય મુસ્લીમ સમુદાય વિવિધતાથી ભરેલો છે.તેથી કોઈ એક સંસ્થા તમામ ભારતીય મુસ્લીમ જુથનું પ્રતિનિધિત્વ કરી રહ્યુ હોવાનો દાવો કરી ના શકે.ભારતની સુપ્રીમ કોર્ટે કેટલીક મુસ્લીમ મહીલા દ્વારા ટ્રીપલ તલાકની પ્રથા દુર કરવાની માંગણી સાથે થયેલી અરજીની સુનાવણી કરી રહી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી આ મુદ્દે તેના પક્ષ વિશે જાણકારી માંગી છે.જવાબમાં કેન્દ્ર સરકારે ટ્રીપલ તલાક માનવ અધિકાર અને બંધારણના મૌલિક અધિકારોથી વિરુધ્ધ હોવાનું કહેતા કહયું છે કે ઈસ્લામની આ અનિવાર્ય પરંપરા નથી.ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડ ટ્રીપલ તલાક પ્રથા ખતમ કરવા સરકારે આપેલા અભિપ્રાયનો વિરોધ કર્યો છે.બોર્ડના પદાધિકારીઓનું કહેવું છે કે ટ્રીપલ તલાક ઈસ્લામીક છે.સુપ્રીમ કોર્ટમાં રજુ કરેલા સોગંદનામામાં બોર્ડે કહયું છે કે ભારતીય મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરે છે.

હવે મુસ્લીમ બુધ્ધિજીવીઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં કહેવાયું છે કે બોર્ડે રજુ કરેલા સોગંદનામાનો તે વિરોધ કરે છે. સુપ્રીમ કોર્ટમાં અરજી કરનારી મહિલાઓનું કહેવુ છે કે કુરાનમાં ટ્રિપલ તલાકની વ્યવસ્થા નથી.

મુસ્લીમ મુળના લોકો દ્વારા જારી કરાયેલા આ નિવેદનમાં સમાન નાગરિક સંહિતા અમલી બનાવવા સામે વિરોધ નોધાવતાં કહ્યુ હતું કે આ હિલચાલનો હેતુ સમાજમાં મતભેદ સર્જવાનો છે. ભારતમાં કાયદાપંચે સાત ઓકટો.પોતાની વેબસાઈટ પર સમાન નાગરિક સંહિતા મુદ્દે લોકોના અભિપ્રાય માંગ્યા છે.

## સાઉદીમાં હત્યાના દોષિત શાહજાદાનો ન્યાય તોળાતાં શિરચ્છેદ કરાયો

સાઉદી અરેબીયાએ પોતાના શાહી કુટુંબના જ પ્રિન્સ તુર્કી બિન સાઉદ અલ કબીરને એક વ્યક્તિની હત્યાના કેસમાં મોતની સજા અંતગર્ત શિરચ્છેદ કર્યો હતો.રાજવી પરિવારના સભ્યને જ હત્યા જેવા ગંભીર અપરાધ બદલ શિરચ્છેદની સજા થઈ હોવાની આ રરેસ્ટ ઓફ રે ઘટના કહી શકાય.દાયકાઓ પછી ફરી એક વાર સાઉદી રાજ પરિવારના સભ્યને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી.સાઉદીના રાજા સલમાને પણ અદાલતના ચુકાદાને મહોર મારી હતી.કિંગ સલમાન મોતની સજા પામનાર સાહજાદાના પિતરાઈ છે. પીડીતના પરિવારે બ્લડમની સ્વીકારવાનો ઈન્કાર કરતાં હત્યાકેશમાં દોષિત પ્રિન્સનો શિરચ્છેદ કરાયો હતો.

વર્ષ૨૦૧૨માં આદેલ-અલ-મહમંદ નામના શખ્સ પર ગોળીબાર કરીને તેની હત્યા કરી હોવાના આરોપનો તેઓ સામનો કરી રહ્યા હતા.આ પહેલાં ૧૯૭૭માં પ્રિન્સેસ મિશાયેલ બિન ફહદનો શિરચ્છેદ થયો હતો.તેમણે ૧૯૭૫માં તેમના કાકા કિંગ ફઝલની હત્યા કરી તે કારણે તેમનો શિરચ્છેદ કરાયો હતો.

સાઉદી સરકારે કહ્યુ કે આ સજાને પગલે તમામ નાગરિકોને એ વાતનો ભરોસો બેસસે કે સરકાર ન્યાય અને લોકની સુરક્ષા માટે વચનબધ્ધ છે. પ્રિન્સને શિરચ્છેદની સજા એ વાતની પ્રતિતી કરાવશે કે નાગરિકોની હત્યા કરનારા કે પછી રક્તપાત સર્જનારા કોઈપણ સામે અલ્લાહનો નિયમ અમલી બનાવવા સઉદી સરકાર પ્રતિબધ્ધ રહેશે. પ્રિન્સને શિરચ્છેદની સજા કરીને સાઉદીએ એવો સંદેશો પણ આપ્યો છે કે ન્યાયની નજરમાં બધા જ સરખા છે.આવો ગુનો કરનારા કોઈપણને શરિયા મુજબ સજા ભોગવવા તૈયાર રહેવું જોઈએ.

## ગૌરક્ષાના નામે થતી હિંસાની સુપ્રીમ કોર્ટ દ્વારા ચકાસણી કરાશે

દેશભરમાં વિવિધ રાજ્યોમાં ગૌરક્ષાના નામે થતાં હુમલા અને કાયદો હાથમાં લેવાની ઘટનાની સુપ્રીમ કોર્ટમાં ચકાસણી કરશે.સુપ્રીમ કોર્ટ કથિત ગૌરક્ષકો દ્વારા થતી કાર્યવાહીઓને પડકારતી જાહેર હિતની અરજીઓની સુનાવણી કરતાં કેન્દ્ર તથા રાજ્ય સરકારોને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે.

ગૌરક્ષાના નામે થતાં હુમલા વિરુધ્ધ રાજકીય નેતાઓ અને એક્ટિવિસ્ટો દ્વારા સંખ્યાબંધ રાજ્યોની હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજીઓ દાખલ કરાઈ હતી.જેમાં ગૌરક્ષાના નામે થતી હિંસા સામે આકરાં પગલાંની માંગ કરાઈ હતી.ઓગષ્ટ ૨૦૧૬માં કોંગ્રેસના નેતા તેહસીન પુનાવાલાએ સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. અરજીમાં આરોપ મુકાયો છે કે ગૌરક્ષકો દલિત અને લઘુમતી જેવા સમાજના ચોક્કસ સમુદાયો વિરુધ્ધ ધિક્કારની લાગણી ફેલાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે ગૌરક્ષાના નામે થતી હિંસા અને ધિક્કાર ફેલાવવાની પ્રવૃત્તિની નોધ લેતાં કોર્ટને સહાય કરવા સરકારને વકીલની નિયુક્તિનો આદેશ આપ્યો હતો.દલિતો અને લઘુમતીઓ વિરુધ્ધ હિંસા આચરી રહેલા જાતે બની બેઠેલા ગૌરક્ષકોના મુદ્દાને ઉઠાવતી જાહેર હિતની અરજીઓની સુનાવણી હાથ ધરતાં સુપ્રીમ કોર્ટે ગુજરાત,રાજસ્થાન, યુપી, મહારાષ્ટ,કર્ણાટક અને ઝારખંડને અરજીની નકલો આપી દેવાનો આદેશ આપ્યા છે.સુનાવણી ૭મીી નવેમ્બરે યોજાશે.દેશના વિવિધ ભાગોમાં ગાયની હેરાફેરી કે બીફ ખાવાની શંકાને કારણે હુમલા કરાયા છે.યુપીમાં દાદરીમાં ગૌમાંસ ખાવાની કારણે હત્યા કરાઈ હતી. પ્રયોગશાળાએ ગૌમાંસ નકાર્યુ હતું.

## ઉડે દેશકા આમ નાગરિક ઉડાન પહેલી જાન્યુઆરીથી લોન્ચ થશે

કેન્દ્ર સરકાર દ્વારા આમ આદમી માટે રુ.૨૫૦૦માં એક કલાકની હવાઈસફરની નવી સ્કીમ લોન્ચ કરવામાં આવી રહી છે.આ સ્કીમનો અમલ જાન્યુઆરીથી કરવામાં આવશે.નાના શહેરોને આ સ્કીમમાં હવાઈ ઉડ્ડયનોથી સાંકળી લેવાશે..ઉડે દેશકા આમ નાગરીક હેઠળ પહેલી જાન્યુઆરીથી ઉડાન શરુ કરાશે.કેન્દ્રના નાગરિક ઉડ્યન મંત્રી અશોક ગજપતિ રાજુએ આ સ્કીમ લોન્ચ કરી હતી.

આ સ્કીમ હેઠળ નાના શહેરોને પ્રાદેશિક ધોરણે હવાઈમાર્ગે સાંકળવામાં આવશે.જે શહેરોમાં હવાઈ કનેક્ટીવીટી નથી અથવા ઓછી છે ત્યાં રાહત દરે રિજીનલ ફલાઈટ શરુ કરાશે.આમ લોકોને સસ્તી હવાઈ મુસાફરી ઓફર કરાશે.રાહત દરની આ ફલાઈટમાં ૫૦ ટકા સીટોના ટિકિટના દર કલાકના રુ.૨૫૦૦ રખાશે.આ સ્કીમ હેઠળ ૫૦ એરપોર્ટને સક્રીય બનાવાશે.પ્રવાસીઓને રસ્તામાર્ગે કે ટ્રેન દ્વારા લાંબા અને કંટાળાજનક પ્રવાસમાંથી છુટકારો મળશે.જો કે હાલમાં આ સ્કીમ મુંગેરીલાલ કે હસીન સપને જેવુ દેખાઈ રહ્યુ છે. કલાકનો જે ભાવ નક્કી થયો છે તે મુસાફરને ઉતરતી વખતે કેટલામાં પડશે તે જોવાનું .

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ઉત્તરપ્રદેશમાં રામાયણ મ્યુઝીયમ ભાજપનું લોલીપોપ : ભાજપ સાંસદ વિનય કટિયાર

ભાજપે ઉત્તર પ્રદેશમાં ચુંટણીને ધ્યાનમાં લઈને ભવ્ય રામાયણ મ્યુઝિયમ સ્થાપવાની જાહેરાત કરી છે.તેની ભાજપના જ રાજ્યસભાના સાંસદ વિનય કટિયારે ટીકા કરી છે અને કહ્યુ છે કે મ્યુઝિયમ માત્ર લોલીપોપ છે, સરકારે ભવ્ય રામમંદિરનું નિર્માણ કરવું જોઈએ. અયોધ્યામાં રામમંદિર ચળવળમાં અગ્રેસર રહેલા વિનય કટિયારે કહ્યુ હતું કે આપણે રામ મંદિરનું નિર્માણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.આ મ્યુઝીયમ લોલી પોપથી ખુશ નહીં થઈએ.

કટિયારે કહ્યુ હતું કે હું જ્યારે પણ અયોધ્યા જઉ છું ત્યારે સંતો મને પુછે છે કે રામમંદિરનું નિર્માણ ક્યારે થશે.સારુ થયું હું આજ નથી ગયો. વાસ્તવમાં કેન્દ્રીય પ્રવાસન મંત્રી મહેશ શર્મા પ્રસ્તાવિત રામાયણ મ્યુઝિયમ અયોધ્યામાં જે સ્થળે બનાવાનું છે તે સાઈટની મુલાકાતે તેઓ ગયા હતા.સારુ થયું કે તેઓ શર્માની સાથે ન ગયા.તેમણે ભુતકાળમાં પણ કહ્યુ છે કે મોદી સરકારે સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોયા વગર આ મુદ્દો ઉકેલવા આગળ ધપવું જોઈએ.કટિયારે આ મુદ્દે ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણયમ સ્વામીનું સમર્થન છે.સ્વામીએ અયોધ્યા કેસમાં રોજ સુનાવણીની માંગણી કરી છે.સ્વામીએ જ કહ્યુ હતું કે રામમંદિર ઉત્તરપ્રદેશમાં ૨૦૧૭ની વિધાનસભાની ચુંટણી જીતવાની ચાવી છે.અલ્હાબાદમાં એક કોન્ફરન્સને સંબોધન કરતાં તેમણે કહયુ હતું કે કોઈપણ પક્ષ વિકાસના એકમાત્ર મુદ્દે ચુંટણી જીતી શક્યો નથી અને ભાજપ પણ જો અયોધ્યામાં ટુંક સમયમાં રામમંદિરનું નિર્માણ થશે તેવી છાપ ઊભી કરશે તો તે જ ચુંટણી જીતી જશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

રામાયણનો પ્રસંગ તો સહુ કોઈને યાદ છે.કૈકયીએ વરદાન માંગ્યુ અને રામજીને ૧૪ વર્ષનો વનવાસ મળ્યો.હવે અયોધ્યાની ગાદી કોણ સંભાળશે.રાજા દશરથ તો રામના વનવાસનો નિર્ણય જાણીને રાજવ્યવસ્થામાંથી શુધબુધ ખોઈ બેઠા. આખરે ભરતે ગાદી સંભાળી. રામની ગેરહાજરીમાં ગાદી સંભાળવી પરંતુ તે કેવી રીતે. આખરે રામના ચંપલને ગાદી પર મુકીને રાજકારોબાર ચલાવવાનો ભરતે નિર્ણય કર્યો. સતયુગમાં આ બન્યુ તેમ કહેવાય છે.

આજનો યુંગ કળયુગ કહેવાય છે.તેમાંય રાજાશાહી નથી પરંતુ લોકશાહી છે.આજે જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે તે લોકશાહીમાં તામિલનાડુની જે રાજકીય સ્થિતિ છે તે બાબતનો છે.તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા કેટલાક દિવસોથી બિમાર છે. અને ચેન્નાઈની ખાનગી હોસ્પીટલમાં તેમની સારવાર ચાલી રહી છે.રાજ્ય સરકારનો દાવો છે કે જયલલિતાની તબિયત સુધારા પર છે જ્યારે બીજી બાજુ તેમની કાળજી લેવા માટે તબીબોની પેનલો વિદેશથી બોલાવવામાં આવી રહી છે.કોઈ વ્યક્તિને જયલલિતાને મળવા દેવામાં આવતા નથી.તેમની બિમારી રહસ્યમય બનેલી છે.જયલલિતા રાજ્યમના મુખ્યમંત્રી તરીકેની તેમની બંધારણીય જવાબદારીઓ અદા કરવા જેટલા સમર્થ નથી તે અંગે સવાલો ઉભા થયા છે.રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન સહિતની માંગણીઓ થઈ ચુકી છે.રાજ્ય સરકારે વચગાળાના રસ્તા તરીકે જયલલિતાના તમામ ખાતા અગાઉ જયલલિતાના જેલવાસ દરમિયાન વિશ્વાસુ નેતા અને મુખ્ય પ્રધાન રહી ચુકેલા પનીર સેલ્વમને ચાર્જ સોપાયો છે.તામિલનાડુ અત્યારે ભારે સંકટમાંથી પસાર થઈ રહ્યુ છે.રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો ખોરંભે ચઢી ગયા છે. આવા સંજોગોમાં કેબિનેટની એક બેઠક મળી તેમાં નાટ્યાત્મક રીતે જયલલિતાનો ફોટો રાખીને તેમને હાજરાહજુર ગણીને પનીરસેલ્વમના વડપણ હેઠળ નિર્ણયો લેવાયા હતા.આ લોકશાહીની ક્રુર મજાક છે.જયલલિતાનું સ્વાસ્થ વહેલી તકે સારુ થાય તેવી સહુ કોઈની ઈચ્છા છે.

જયલલિતાના આરોગ્ય અંગેની ગંભીરતાને કારણે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી,ભાજપના પ્રમુખ અમિત શાહ, કોગ્રેસના રાહુલ ગાંધી વિગેરે જાણકારી માટે હોસ્પીટલની મુલાકાત લઈ ચુક્યા છે તેથી લોકોને જયલલિતાના સ્વાસ્થ અંગે ચિંતા ઉપજાવે છે.

જયલલિતાનો ફોટો મુકીને તેમને હાજરાહજુર ગણીને સરકારી કામકાજ આગળ ધપાવવામાં આવે તેવું લોકશાહી શાસનમાં ચાલી શકે નહીં.લોકશાહીમાં પદ મહત્વનું છે,વ્યક્તિ નહીં.લોકતાંત્રિક ઢબે ચુંટાયેલી સરકારના વડાએ બંધારણીય રાહે પોતાની ફરજ બજાવવાની હોય છે.જયલલિતા માટે લોકોને ગમે તેટલો આદર હોય પરંતુ તેમની ગેરહાજરીમાં તેમનો ફોટો મુકીને કેબિનેટની બેઠકો ચલાવાય તેવું કોઈ પાકટ લોકશાહીમાં ઉચિત ગણાય નહી. ભગવાન રામ વનવાસ પર ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં ભરતે સિંહાસન પર પાદુકા મુકીને રાજ્ય ચલાવ્યુ હતું.પરંતુ જયલલિતા એક રાજકીય નેતા છે.ભગવાન નહીં.પનીસ સેલ્પમને ભરત ગણી શકાય નહીં. અને અત્યારે દેશમાં પાદુકાશાહી નહી પણ લોકશાહી છે. આ તમાશાને જેટલો જલ્દી બંધ કરી શકાય તેટલો કરવો જરુરી છે.ધર્મને રાજકારણમાં દાખલ કરવો જોઈએ નહી.કેન્દ્ર સરકારે આ તમાશો તત્કાળ બંધ કરાવવા જરુરી પગલાં લે.

નવાઈ એ વાતની છે કે દેશમાં આધુનિકતાનો વાવર છવાઈ ગયો છે.નવા યુગમાં આપણે જઈ રહ્યા છીએ ત્યારે આ પ્રકારની અંધશ્રધ્ધા કે ભક્તિને કેવી રીતે સ્થાન મળે.જયલલિતા ગમે તેટલા સબળ રાજકારણી હોય તો પણ તેમની આટલી બધી ભક્તિ યોગ્ય નથી. વધારે પડતી ભક્તિ વ્યક્તિને સબળ રાજકારણી કરતાં સરમુખ્યતાર બનવા પ્રેરે એમાં લગીરેય શંકા નથી.જો કે ભાજપમાં થોડાક ફર્કને બાદ કરીએ તો પરિસ્થિતિ લગભગ પક્ષમાં એવી જ બની રહી હોય તેમ લાગે છે.કેટલાક નેતાઓ હવે સરમુખ્યતારશાહીની જેમ આપખુદશાહી તરફ ઢળી રહ્યા છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# સમાન નાગરિક ધારો કે મુસ્લીમ પર્સનલ લોમાં સુધારા ની કવાયતથી દેશમાં વિવાદો શરુ થયા

કેન્દ્રની મોદી સરકારે દેશમાં સમાન નાગરિક ધારો(કોમન સીવીલ કોડ)લાગુ કરવા માટે શરુ કરેલી કવાયતના પ્રારંભે વિવાદ શરુ થઈ ગયા છે.ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડ અને અન્ય સંગઠનોએ કાયદા પંચ દ્વારા મોકલાયેલી સમાન નાગરિક ધાર સંદર્ભેની પ્રશ્નોત્તરીનો વિરોધ કરતાં આ વિવાદ શરુ થયો છે.મુસ્લીમ સંગઠનોએ એવો આરોપ મુક્યો છે કે સરકારે સમાન નાગરિક ધારાના નામે મુસ્લીમોની સામે આંતરિક યુધ્ધ ભડકાવ્યું છે.તેમણે આ અંગે કોઈપણ પ્રકારનો સહકાર ન આપવા માટે એલાન કર્યું છે.મુસ્લીમ સંગઠનો સહિત કેટલાક રાજકીય પક્ષોએ સરકારી કવાયતનો વિરોધ કર્યો છે,જ્યારે ભાજપ અને શિવસેનાએ આ બાબતને આવકાર આપ્યો છે.

કોગ્રેસ અને જનાત દળ(યુ) સહિતના પક્ષોએ કહ્યુ છે કે આ પ્રકારનો ધારો અમલી બનાવવો શક્ય નથી. તેમણે ભાજપ પર આ સામે ધ્રુવીકરણનો આરોપ પણ મુક્યો છે.મુસ્લીમ પર્સનલ લો બોર્ડે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને ભારપુર્વક કહ્યુ છે કે જો દેશમાં સમાન નાગરિક ધારો અમલી બનાવાશે તો તમામ લોકો એકજ રંગે રંગાઈ જશે અને તેના કારણે વિવિધતામાં એકતાની દેશની પ્રતિષ્ઠા જોખમાશે. ટ્રીપલ તલાકના મામલે ચાલી રહેલા કાનુની યુધ્ધ અંગે બોર્ડે એવો દાવો કર્યો હતો કે મુસ્લીમો કરતાં બીજા સમુદાયમાં છુટાછેડાનું પ્રમાણ સૌથી વધારે છે.આ મામલે સમગ્ર દેશમાં હસ્તાક્ષરો મેળવવામાં આવશે.

બોર્ડે આરોપ મુક્યો હતો કે કાયદા મંત્રાલય દ્વારા ટ્રીપલ તલાકના મામલે જે પ્રશ્નોત્તરી મોકલવામાં આવી છે તે ફ્રોડ છે.અને મુસ્લીમ સમુદાય તેનો બહિષ્કાર કરે છે. ભારત માટે સમાન નાગરિક ધારો સારો નહીં હોવાની લાગણી તેમણે વ્યક્ત કરી હતી.કાયદા પંચ કેન્દ્ર સરકારના ઈશારે કામ કરે છે.ટ્રિપલ તલાક તેમનો અંગત ઈસ્લામિક કાનુન છે અને તેને કોઈ સરકાર સુધારી શકે નહીં તેવો હુંકાર બોર્ડના જનરલ સેક્રેટરી હઝરત મૌલાના વલી રહેમાનીએ કર્યો હતો.કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં એવી દલીલ કરી છે કે ટ્રીપલ તલાક,બહુપત્નીત્વ અને નિકાહ હલાલા કોઈ ધર્મનો આંતરિક ભાગ નથી તેથી તેને બંધારણીય અધિકારો મળી શકે નહીં.બોર્ડે તેના જવાબમાં એવી દલીલ કરી છેકેઅમેરિકા જેવા લોકશાહી દેશમાં દરેક માણસ પોતાની ઓળખ સાચવી રાખી શકે છે ભલેને પછી તે કોપિણ ધર્મમાં માનતો કેમ ના હોય.મુસ્લીમ સંપ્રદાયમાં આ બાબતે ભારે તનાવ ચાલી રહ્યો છે.મોટા ભાગના મુસ્લીમ લોકો બોર્ડની તરફેણમા છે પરંતુ મોદી સરકાર ટ્રીપલ તલાકના મામલે સુપ્રીમ કોર્ટમાં રજુ કરેલા વલણની હવે સમીક્ષા કરશે નહીં.

કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ હતું કે કેન્દ્રએ ખુબજ વિચાર કર્યા પછી તેનુ વલણ રજુ કર્યુ છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાન અધિકાર અને મહિલાની ગરિમાના મુદ્દાને ધ્યાનમાં લઈને કેન્દ્રએ તેનુ મંતવ્ય રજુ કર્યુ છે.ટ્રિપલ તલાકની પ્રથા મ હિલાઓને બંધારણમાં અપાયેલા મુળભુત અધિકારનો ભંગ કરે છે.

જ્યારે વિરોધ પક્ષોમાં એવો મત પ્રવર્તે છે કે ભાજપની આગેવાની હેઠળની સરકાર રાજ્યોમાં વિધાનસભાની ચુંટણી પહેલાં લોકોના ધ્રુવીકરણનો પ્રયાસ કરી રહી છે.

# શહેરના નવા પોલીસ કમિશ્નરની સાફ વાત ગૌરક્ષકો કાયદો હાથમાં ન લે અને આંદોલનકારીઓ મનમાની બંધ કરે

અમદાવાદ શહેરના નવા પોલિસ કમિશ્નર તરીકે આઈપીએસ એ.કે.સિંઘે ચાર્જ લેતાની સાથે મીડીયા અને પોલીસ અધિકારીઓ સાથે મુલાકાત કરી પોતાની કાર્યપધ્ધતિ સ્પષ્ટ કરતાં કહ્યુ હતું કે ગૌરક્ષકો કાયદો હાથમાં ન લે અને આંદોલનકારીઓ પોતાની મનમાની બંધ કરે જેવી ચીમકી ઉચ્ચારી હતી.તેમણે પોતાની ઓફિસના દરવાજા નાગરિકો માટે ખુલ્લા હોવાનું અને પોલીસ પ્રજાની વાત સાંભળે તેવું પણ તેમણે જણાવ્યુ હતું.તેમણે એ પણ સ્વીકાર્યુ હતું કે શહેરમાં પોલીસ ફોર્સ ઓછી છે પરંતુ અત્યાધુનિક સુવિધાથી સજ્જ છે. માટે ગુનાના ડિટેકશન પર પણ પોલીસ ભાર આપશે.

પોલીસ કમિશ્નર તરીકેનો ચાર્જ સંભાળતાની સાથે તેમણે શહેરના તમામ ડીસીપી અને જેસીપી સાથે બેઠક કરીને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ત્યાગ મેળવ્યો હતો.ઉપરાંત ચુટણી વર્ષ હોય કે ન હોય પોલીસીંગ યોગ્ય રાખવા અને ડિટેકશનનો રેશિયો વધારીને લુખ્ખાઓને કડક હાથે ડામી દેવાની સુચના આપી હતી.

સિંઘે મીડીયા કર્મીઓ સાથે વાત કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે શહેર પોલીસ હવે ગૌરક્ષકોની લુખ્ખાગીરી કે ટોળાશાહી નહી સાંખી લે.આંદોલનકારીઓને પણ સમય અને સ્થળ યોગ્ય જણાય પછી જ આંદોલનની મંજુરી મળશે. એ સિવાય કોઆંદોલન કરીને નિર્દોષ પ્રજાને અવરોધ ઊભો કરશે તો પોલીસ તેવા આંદોલન પણ કડક હાથે ડામી દેશે. આ ઉપરાંત પોલીસનું મોરલ તોડતા લોકોને પાઠ ભણાવીને પોલીસ મોરલ વધારવાના પણ પ્રયાસ કરવામાં આવશે.તેમ તેમણે ઉમેર્યું હતું. નોધનીય છે કે નવા પોલીસ કમિશ્નર સામે આવતાં વર્ષની ચુંટણી ઉપરાંત શહેરમાં છાશવારે થતાં આંદોલનો અને છેલ્લા ત્રણ મહિનાથી થઈ રહેલી આંતરે દિવસની હત્યાઓ ઘટાડવા અને ચકચારી હત્યા કેસના ગુનેગારોને જેલભેગા કરવા જેવા અનેક પડકારો રહેલા છે.

આ ઉપરાંત આગામી દિવસોમાં દિવાળી સહિતના તહેવારોમાં લુંટ જેવા ગુનાઓ ન બને તે મુદ્દો પણ પોલીસ માટે પડકારરુપ સાબિત થશે તેમ જાણકારોનું કહેવુ છે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# વિદ્યાનગર ખાતે જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર અર્પણ સમારોહ યોજાયો

જોસેફ મેકવાન ફાઉન્ડેશનના ઉપક્રમે આયોજીત સાહિત્ય પુરસ્કાર સમારોહમાં અધ્યક્ષીય સંબોધનમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ જણાવ્યુ હતું કે કર્મશીલ જોસેફ મેકવાનની સર્જન યાત્રાના સાક્ષી બનવાનું મારુ સદ્‌ભાગ્ય રહ્યું છે.અને જોસેફભાઈએ જેટલું જીવ્યા તેનો પુરેપુરો હિસાબ આપ્યો છે.આજે આટલી મોટી સંખ્યામાં એમના ચાહકોને ભાવકોની ઉપસ્થિતિમાં જોસેફ મેકવાનના નામે પુરસ્કારો પણ અપાઈ રહ્યા છે. જે એમના સર્જન કાર્ય થકી જોસેફ સદા-સર્વદા આપણી વચ્ચે હોવાનો પુરાવો છે.

જોસેફ મેકવાનના સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત કરનાર અગ્રણી સર્જક ડો.મોહન પરમાર અને જોસેફ મેકવાન કર્મશીલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ઈન્દુકુમાર જાનીને શુભકામનાઓ પાઠવતાં કહ્યું હતું કે જોસેફ મેકવાને સમાજના જે દલિતો-પીડીત વર્ગની સમસ્યાઓ પ્રતિ જીવનભર તેમના સર્જન કાર્ય દ્વારા તેમનો અવાજ ઉઠાવતાં રહ્યા તે વર્ગની સમસ્યાઓનો હજી સુધી પુર્મ પણ ઉકેલ આવ્યો નથી.તેઓના ચિંધ્યા માર્ગે આગળ વધવાની જરુર છે.અતિથિ પદે ગુજરાત વિદ્યાપીઠના પુર્વ કુલનાયક સુદર્શન આયંગરે પ્રસંગોપર્ચીત પ્રવચન કર્યું હતું.

જોસેફ મેકવાન ફાઉન્ડેશન દ્વારા ત્રિવેણીી લેન્ડ માર્ક વડતાલ રોડ ખાતે યોજાયેલ જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર સમારોહમાં સાહિત્ય સર્જન




ક્ષેત્રે ડો. મોહન પરમાર અને કર્મશીલ ઈન્દુભાઈ જાનીની પસંદગી કરી તેઓને આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.જોસેફ મેકવાનના ૮૧માં જન્મદિવસે યોજાયેલ આ સમારોહ બીજી વખત યોજવામાં આવ્યો હતો.જોસેફ મેકવાન ફાઉન્ડેશન દ્વારા આ બીજો પુરસ્કાર સમારોહ હતો.જ્યાં મોટી સંખ્યામાં તેમના ચાહકો,સર્જકો,મિત્રો સગા સ્નેહીસબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જોસેફ મેકવાન ફાઉન્ડેશનના આયોજીત સાહિત્ય પુરસ્કાર અર્પણ સમારોહમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં આ સમારોહ યોજાયો હતો.પુરસ્કાર પ્રાપ્ત કરનારા સર્જક ડો. મોહન પરમાર, નયામાર્ગના તંત્રી અને કર્મશીલ ઈન્દુભાઈ જાની,સુદર્શન આયંગર(પુર્વ કુલપતિ,ગુજરાત વિદ્યાપીઠ) અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ટ્રસ્ટી શ્રી ચંદ્રવદન મેકવાને કર્યુ હતું.આ પ્રસંગે મોહનભાઈ પરમારની સર્જન યાત્રા અને જીવન યાત્રા અંગે વિગતે વાત કરી હતી અને જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.ડંકેશ ઓઝાએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યુ હતું કે આજે રાષ્ટ્રપિતાનું જેને માન મળ્યું એવા રાષ્ટપિતાના હત્યારાનું મેરઠમાં પુતળુ મુકાયું છે. આ અંગે આપણે શું કરી શકીએ ?આપણે વડાપ્રધાનને એક ઈમેઈલ તો કરીએ કે નહીં? આ વિષયે આજે જોસેફ મેકવાન હયાત હોત તો તેઓ ચુપ ના બેઠા હોત.

આ પ્રસંગે સન્માન પામેલા સર્જક ડો.મોહન પરમારે દલિત સાહિત્યમાં યોગદાન આપનાર જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર માટે પોતાને લાયક ગણ્યા તે બદલ એવોર્ડ પ્રાપ્ત કરતાં ગૌરવ અને આનંદ વ્યક્ત કર્યો હતો.તેઓની કલમના સથવારે તેમણે સમાજની પીડાને વ્યક્ત કરી તેમના પ્રશ્નોને સાચા અર્થમાં રજુ કરી છે.ખરેખર જોસેફ મેકવાન એક રાષ્ટ્રીય પ્રતિભા હતા.

આ પ્રસંગે અતિથિ એવા અગ્રણી સાહિત્ય સર્જક અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ એમના વ્યકતવ્યમાં કહ્યુ હતું કે પરિવારની ફાઉન્ડેશન પાછળની મહેનત અંગે ટાંક્યુ હતું કે જોસેફ મેકવાને જેમ શબ્દને પ્રોત્સાહિત કર્યો એવોજ આનંદ આજે ફાઉન્ડેશનની પ્રવૃત્તિ કરતાં વધુ રાજીપો જોસેફ મેકવાનને થયો હશે.તેમની સર્જન યાત્રાનું સાક્ષી બનવાનું મારા સદ્‌ભાગ્યમાં છે.તેઓ જીવ્યા તેનો પુરે પુરો હિસાબ આજની આ ચાહકોની ઉપસ્થિતિ છે.

કાર્યક્રમના અંતે પુરસ્કાર પત્રનું વાંચન કિશોર મારવાડી અને હરેસ મકવાણાએ કર્યુ હતું. સમારોહનું સંચાલન ડો.ધીરજ પરમારે કર્યુ જ્યારે આભાર વિધિ અમિતાભ મેકવાને કરી.પરિવારજનો અને માતૃ રેગીનાબેને સર્જકો,શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો હતો.



જોસેફ મેકવાન ફાઉન્ડેશને તેના બીજા સમારોહમાં સાહિત્ય પુરસ્કાર અર્પણ માટે કર્મશીલ શ્રી ઈન્દુભાઈ જાની તંત્રી નયામાર્ગને પસંદ કર્યા હતા.એવોર્ડ સ્વીકારતા ઈન્દુભાઈ જાની સાથે સ્વ જોસેફભાઈના ધર્મપત્ની રેગીનાબેન અને જોસેફ મેકવાન ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી ચંદ્રવદન મેકવાનના ધર્મપત્ની અન્નાપુર્ણા મેકવાન દષ્ટિગોચર થાય છે.કર્મશીલ અને નયામાર્ગના તંત્રી શ્રી ઈન્દુભાઈ જાની સ્વ જોસેફભાઈના ખાસ અંગત મિત્રો પૈકીના એક હતા.

## જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર શું છે ?

સ્વ જોસેફ મેકવાન એક પ્રખર સાહિત્યકાર હતા.સ્વ જોસેફ મેકવાન દલિત સાહિત્યના પ્રખર લેખક હતા. તેમની ૮૧મી જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે ૯મી ઓકટો.માં સાહિત્ય ક્ષેત્રે અને કાર્યક્ષેત્રે સારુ યોગદાન આપનાર પ્રતિભાઓને જોસેફ મેકવ ાન ફાઉન્ડેશન વતી પુરસ્કૃત કરવામાં આવે છે.જેમાં સ્મૃતિ ચિહ્ન,શાલ અને રુા. ૨૫ હજારનો ચેક અર્પણ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. આમ.સમાજ સુધારાના સારા વિદ્વાન અને સર્જકોને ફાઉન્ડેશન પોતાની રીતે ચુંટે છે અને તેમની બહુમુલ્ય પ્રતિભાને લઈ આ વિશેષ જોસેફ મેકવાન પુરસ્કાર આપવામાં આવે છે.

## યુપીના મંત્રી આઝમખાને પોતાની વડાપ્રધાન બનવાની યોગ્યતા જાહેર કરી

ઉત્તરપ્રદેશના કેબિનેટ મંત્રી આઝમ ખાને કહ્યુ હતું કે તેમને પણ ચા બનાવતાં આવડે છે્ને ડ્રમ વગાડતાં આવડે છે. જો આ લાયકાત પર મોદી વડાપ્રધાન બની જતા હોય તો તેમને પણ વડાપ્રધાન બનાવી દેવા જોઈએ.આઝમખાને કહ્યુ કે મને વડાપ્રધાન બનાવશો તો હું દેશના દરેક નાગરિકના ખાતામાં ૨૫-૨૫ લાખ રુપીયા જમા કરાવી દઈશ.હુ દેશને ચલાવી બતાવીશે.મારા અનુભવ,મારી ઈમાનદારી,મારા સ્ટેટસ,મારા શિક્ષણમાં શું કમી છે. માત્ર હુ મુસ્લીમ છું.અખંડ ભારતનું સ્વપ્ન હું પુરુ કરી શકુ છું.રમખાણો કરાવીને ભાજપે કેન્દ્રમાં સરકાર બનાવી છે. યુપીમાં ખુરશી મેળવવાનું સ્વપ્ન પુર્ણ નહી થાય

## ૧૩૬ વર્ષ માં સપ્ટેમ્બર સૌથી વધુ ગરમ : નાસા

૨૦૧૬માં સપ્ટેમ્બર મહિનો કુલ ૧૩૬ વર્ષમાં સૌથી વધુ ગરમ રહ્યો હતો. નાસાના કહેવા પ્રમાણે સપ્ટે.૨૦૧૬માં સૌથી વધુ તાપમાનનો રેકોર્ડ બન્યો હતો.જ્યારે તેના તાપમાનમાં વર્ષ ૨૦૧૪ના સૌથી વધુ ગરમ સપ્ટે.મહીનાની તુલનામાં ૦.૦૦૪ ડીગ્રી સે.નો વધારો થો છે. નાસાના જીઆઈએસએસના વિજ્ઞાનીઓએ વૈશ્વિક તાપમાનનુ માસિક વિશ્લેષણ કર્યુ હતું.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

# બસપા પ્રમુખ માયાવતી સર્જીકલ સ્ટ્રાઇકનો શ્રેય સંઘને આપવાના નિવેદનથી સંરક્ષણ મંત્રી પારિકરથી ખફા

બહુજન સમાજવાદી પાર્ટીના પ્રમુખ માયાવતીએ સેના દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર(પીઓકે)માં કરાયેલી સર્જીકલ સ્ટ્રાઇકનો શ્રેય આરએસએસને` આપનારા સંરક્ષણ મંત્રી મનોહર પારીકરના નિવેદનને સેનાનું અપમાન ગણાવ્યુ હતું.માયાવતીએ કહ્યુ હતું કે પારિકર દ્વારા સર્જીકલ સ્ટ્રાઇક કરીને સેનાની કાર્યવાહીનો શ્રેય સંપુર્ણપણે સેનાને આપવાને બદલે પ્રથમ વડાપ્રધાન મોદી અને હવે સંઘને આપવો એ ભારતીય સેનાનું અપમાન છે.જે અતિ નિંદનીય છે.તેમણે કહયુ હતું કે ભાજપ અને દેશના સંરક્ષણ મંત્રી અને સ્વયં વડાપ્રધાન દ્વારા તેનો શ્રેય લઈને રાજકીય લાભ ઉઠાવવાનો પ્રયાસ કરવો અને ઉત્તરપ્રદેશ તથા અન્ય રાજ્યોમાં આવનારી ટુંક સમયમાંજ વિધાનસભાની સામાન્ય ચુંટણીઓમાં ભાજપ દ્વારા તેનો ચુંટણીલક્ષી લાભ ઉઠાવવાની કોશીશ ખોટી અને નિદનીય છે.

યુપીના પુર્વ મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે જગજાહેર છે કે સંઘ એક સર્વમાન્ય સંસ્થા નથી.કેમકે તેનો એજન્ડા નફરત પર આધારિત વિભાજનકારી અને વિઘટનકારી છે.એટલું જ નહી ખુદને સાંસ્કૃતિક સંસ્થા ઘોષિત કરનાર સંઘના લોકો હંમેશા રાજકીય ઉદેશ્યોથી કામ કરે છે.હવે તેના કાર્યકર્તા સ્પષ્ટ રીતે ભાજપ અને તેની સરકારમાં સામેલ છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# બોકો હરામ દ્વારા અપહરણ કરાયેલી યુવતીઓને હવે મુક્તિ જોઇતી નથી

નાઇજીરીયાના કુખ્યાત આતંકી સંગઠન બોકો હરામ દ્વારા અઢી વર્ષ અગાઉ ચિબોકની એક શાળામાંથી વિદ્યાર્થીનીઓનું અપહરણ કરવામાં આવ્યુ હતું.જેમાંથી કેટલીક વિદ્યાર્થીનીઓને મુક્ત કરાવવા માટે નાઇજીરીયન સરકારે થોડી સફળતા મેળવી છે.જેમાં ૮૩થી વધુ વિદ્યાર્થીનીઓ ની મુક્ત થવા માટેની વાતચીત ચાલી રહી છે.પરંતુ ચોકાવનારી બાબત એ છે કે ૧૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ એવી છે કે જેમણે બોકો હરામની ચુંગાલમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા નથી.

મોટાભાગની યુવતીઓ સામુહિક બળાત્કારનો ભોગ બની ગઈ છે. કેટલીકની સાથે જબરજસ્તીથી નિકાહ કરવામાં આવ્યા છે. તો કેટલીક યુવતીઓને જબરજસ્તીથી આતંકીઓની સેકસ ગુલામ બનાવવામાં આવી છે.આવી સ્થિતિમાં તેમણે તેમનું સામાજિક સ્ટેટસ તો લગભગ ગુમાવી દીધું છે.યુવતીઓના કેટલાક પરિવારો પણ બોકો હરામ દ્વારા હણાઈ ચુક્યા છે.આમ આવી પરિસ્થિતિમાં રેફયુજી કેમ્પોમાં રઝળપાટ કરવો એના કરતાં આ પરિસ્થિતિમાં બે ટંકના સાંસા ના પડે અને છત મળી રહે તેવા આશયને કારણે આવી યુવતીઓએ આતંકીઓના શરણમાં રહેવાનું સ્વીકાર્યુ ંછે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

બાકો હરામ દ્વારા કેટલીક યુવતીઓને સેક્સ ગુલામ તરીકે વેચી પણ નાંખવામાં આવી છે.જેમના પરિવારો દ્વારા આવી યુવતીઓને છોડાવવા મોટી રકમ મળી શકે તેમ છે તેને માટે તેઓ જાતે બાંધછોડ કરીને સોદા કરી લે છે.હવે સરકાર શું કરી શકે તે જોવાનું રહ્યું છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# ઇસ્લામિક સંગઠન વિરુધ્ધનું યુધ્ધ નિર્ણાયક તબક્કામાં : મૌસુલ શહેર ફરતે ઇરાકી દળો - ગઠબંધની સેનાએ સકંજો કસ્યો



વિશ્વભરમાં કુખ્યાત આતંકવાદી જુથ ઈસ્લામિક સ્ટેટ(આઈએસ)નો અંત હવે નજદીકમાં જ છે.પણ તેની મોટી કિંમત સામાન્ય લોકોએ ચુકવવી પડશે.ઈરાકના બગદાદ પછીના બીજા ક્રમના સૌથી મોટા શહેર અને આઈએસને ખદેડવા સૌથી વ્યુહાત્મક ગણાતા મૌસુલને આઈએસના કબજામાંથી મુક્ત કરવા માટે ઈરાકી દળો-ગઠબંધન સેનાએ મક્કમતાથી કુચ જારી રાખી છે.પરંતુ આ યુધ્ધની સ્થિતિમાં મૌસુલમાંથી ૧૦ લાખ લોકોએ વિસ્થાપિત થવું પડશે તેવી સ્થિતિ સર્જાઇ છે.આઈએસના આતંકીઓના કબજામાંથી મૌસુલને મુકત કરાવવા માટેના આ યુધ્ધથી છેલ્લા કેટલાક વર્ષોથી માનવનિર્મિત સૌથી દારુણ કટોકટી માનવો સર્જશે એવી શક્યતાઓ છે.

એક અંદાજ પ્રમાણે પાંચ લાખ લોકો અને પરિવારો આ યુધ્ધની સ્થિતિમાં મૌસુલ છોડીને સ્થળાંતર કરે એવી શક્યતા છે.શક્તિશાળી તસવીરોથી ખ્યાલ આવે છે કે હજારો પરિવારો મૌસુલ છોડીને નાસી રહ્યા છે.અને સીરીયામા આવેલા રેફયુજી કેમ્પસમાં આશરો શોધી રહ્યા છે.

કેમકે ઈરાકી દળો-ગઠબંધન સેના તેમજ આઈએસના આતંકી વચ્ચે ભયંકર યુધ્ધ થવાની સંભાવનાઓ સર્જાઇ છે. માનવોએ આટલી મોટી સંખ્યામાં સ્થળાતંર કરવુ પડે એવી ભયાનક ત્રાસદીનું આ ઉદાહરણ છે.

સંયુક્ત રાષ્ટ્રએ આ મામલે ચિંતા વ્યકત કરી છે. યુએનના કહેવા પ્રમાણે મૌસુલમાં હાલ ૧૫ લાખ લોકો વસે છે. અને આઈએસ વિરુધ્ધ યુધ્ધમાં એ શક્ય છે કે આંતકીઓ આ નિર્દોષ નગરવાસીઓને માનવઢાલ તરીકે ઉપયોગમાં લે. જેના કારણે નિર્દોષના મોતની સંખ્યા પણ વધી શકે છે.

હાલ ૪૦,૦૦૦ ઈરાકી સૈનિકો અને કુર્દ મિલિશિયા આઈએસ સામે ઘસી રહ્યા છે.જ્યારે તેમને જમીન અને ભુમિ પરથી ૬૦ દેશોની અને અમેરિકન નેતૃત્વ હેઠળની ગઠબંધનની સેના દ્વારા સપોર્ટ આપવામાં આવી રહ્યો છે.મૌસુલ છોડી જનારા લોકોમાંથી મોટાભાગના લોકો પહેરેલ કપડે નાસી રહ્યા છે.

# શર્મિલા ઇરોમે નવા રાજકીય પક્ષની સ્થાપના કરી, સીએમ સામે ચુંટણી લડશે

એક્ટીવિસ્ટ ઈરોમ શર્મિલાએ નવો રાજકીય પક્ષ પીપલ્સ રિસર્જન્સ એન્ડ જસ્ટીસ એલાયન્સ રચ્યો છે.આફસ્પાના વિરોધમાં ૧૬ વર્ષ સુધી ઉપવાસ દ્વારા લડત ચલાવનારી આ મહિલાએ જાહેર કર્યુ છે કે તેણી મુખ્યમંત્રી ઓકરામ ઈબોબી સામે આગામી વિધાનસભામાં ચુંટણી લડશે.અહીની સ્કુલમાં ઈરોમે નવા પક્ષની જાહેરાત કરી હતી.તેણે ઉપવાસ તોડ્યા તે જ દિવસે રાજકીય પક્ષ રચવાની જાહેરાત કરી હતી.અને ચુંટણી લડવાની ઈચ્છા જાહેર કરી હતી.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
**એ.એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.